**બાળ કલ્યાણ ક્ષેત્રના ચિલ્ડ્રન હોમ તથા ભિક્ષુક ધારા અન્વયે રચાયેલ ભિક્ષુક ગૃહોમાં પાર્ટ ટાઈમ વીઝીટીંગ મેડીકલ ઓફિસરનું માનદ વેતન રૂા.૫૦૦ થી વધારી રૂા.૧,૫૦૦/ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– મકમ/૧૦૨૦૧૫/૧૯૬૯૨૩/છ**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ– ૨ /૫/૨૦૧૫**
2 MAY 2015

**<u>વંચાણે લીધા :–</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૨૦૧૩/૭૪૩૮૦૨/ન.બા.૫/છ–૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરનો તા.૭/૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/સી.પી.ડી./૨૦૧૪–૧૫/૪૧

**<u>પ્રસ્તાવના :–</u>**

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની બાળકો માટેની રહેણાંકીય સરકારી–૨૭ તથા સ્વૈચ્છિક–૨૧ એમ કુલ–૪૮ ચિલ્ડ્રન હોમ તથા ભિક્ષુક ધારા અન્વયે ૪ (ચાર) ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર તેમજ ભિક્ષુક ગૃહ ડભોડા કાર્યરત છે. આ તમામ સંસ્થાઓમાં અંતેવાસીઓ જયારે પ્રવેશ પામે ત્યારે તરત જ તેઓની તબીબી તપાસ કરાવવાની જોગવાઈ છે. આ જોગવાઈ મુજબ દર અઠવાડીયે પાર્ટ ટાઈમ વીઝીટીગ મેડિકલ ઓફિસરો આ સંસ્થાઓની મુલાકાત લઈ બાળકો તથા ભિક્ષુક અંતેવાસીઓની શારીરિક તપાસ કરી પ્રાથમિક સારવાર તેમજ દવાઓ આપવાની કામગીરી કરે છે. આ માટે કાયદા હેઠળ સ્થપાયેલ આ રહેણાંકીય સંસ્થાઓમાં પાર્ટ ટાઈમ વીઝીટીગ મેડિકલ ઓફિસરની ૫૩ જગ્યાઓ મંજૂર થયેલ છે. આવા પાર્ટ ટાઈમ વી.એમ.ઓ.ની જગ્યાઓ રૂા.૫૦૦/– ફિકસ પગારમાં મંજૂર થયેલ છે.

હાલની મોંઘવારીને ધ્યાને લેતાં આ માનદ વેતન ખૂબ જ ઓછું છે. તેથી આ માનદ વેતન રૂા.૫૦૦/– થી વધારીને રૂા. ૧,૫૦૦/– કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરે વંચાણે લીધેલા ક્રમાંકઃ– (૨) પરના તા.૭/૩/૨૦૧૫ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :–**

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતા હસ્તક કાર્ય કરતી સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના પાર્ટ ટાઈમ વીઝીટીગ મેડિકલ ઓફિસરોનું માનદ વેતન રૂ.૫૦૦/– થી વધારી રૂ.૧૫૦૦/– (રૂપિયા એક હજાર પાંચસો પૂરા) કરવા અંગેની દરખાસ્તને નીચેની શરતોએ આથી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો :–**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી કામગીરી આઉટસોર્સીંગથી એજન્સી મારફતે કરાવવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૪/ ૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

2/5/2015

**(એમ.બી.ચૌહાણ)**
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી (સા. ન્યાય ) અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬, ર્ડા જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોકનં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે :– નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું , બ્લોકનં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર)

(૭) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ

(૮) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે :– નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય,ગાંધીનગર)

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલાહકારશ્રી (સા.ન્યા અને અ.વિભાગ), બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ–શાખા/ છ–૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઈટમાં છ–શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) છ૧– શાખાની ફાઈલ નં. અપગ/૧૦૨૦૧૩/૭૪૩૮૦૨/નબા–૫/છ૧ માં રેકર્ડ સારુ.

(૧૪) સીલેકટ ફાઈલ.

---

RAJ8-57-59